રાજ્ય સરકાર દ્વારા નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત અશક્તતા પેન્શન અને ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં અશક્તતા/કુટુંબ પેન્શન મુજબના લાભો અંગે વિભાગના અધિકારી/ કર્મચારીઓને જાણ કરવા બાબત.

सत्यमेव जयते

ગુજરાત સરકાર,
પરિપત્ર ક્રમાંક:મકમ/૧૦૨૦૨૨/ ૨૭૪૬ /ખ
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા. 15 OCT 2022

વંચાણે લીધા:(૧)નાણા વિભાગનો તા.૨૪/૦૯/૨૦૨૨ ના ઠરાવ ક્ર.નપન/૧૦૨૦૨૧/૬૯૧૪/પી.(પેન્શન સેલ).

**પરિપત્ર:**

વંચાણે લીધેલ નાણા વિભાગના તા.૨૪/૦૯/૨૦૨૨ ના ઠરાવ અન્વયે રાજ્ય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ સમાવિષ્ટ અધિકારી/કર્મચારીઓને તા.૦૧.૦૪.૨૦૦૫ની અસરથી ગુજરાત મુલ્કી સેવા(પેન્શન) નિયમો,૨૦૦૨ના નિયમ-૫૨ થી ૬૪ મુજબ અશક્તતા પેન્શન અને ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં ગુજરાત મુલ્કી સેવા(પેન્શન) નિયમો,૨૦૦૨ના નિયમ-૧૪૯ થી ૧૫૭ ની જોગવાઇઓને સુસંગત રહીને ગુજરાત મુલ્કી સેવા(પેન્શન) નિયમો,૨૦૦૨ હેઠળની કુટુંબ પેન્શન યોજના,૧૯૭૨ના નિયમ-૮૭ થી ૯૪ અંતર્ગત કુટુંબ પેન્શન મુજબના લાભો આપવાનું ઠરાવવામાં આવેલ છે.

રાજ્ય સરકારની નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ સમાવિષ્ટ અધિકારી/કર્મચારીઓએ તેઓ ગુજરાત મુલ્કી સેવા(પેન્શન) નિયમો,૨૦૦૨ અંતર્ગત અશક્તતા પેન્શન અને ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં કુટુંબ પેન્શન મુજબના લાભો મેળવવા માંગે છે કે કેમ તે અંગે ઉક્ત ઠરાવ સાથે સામેલ ફોર્મ-A મુજબ ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રણ માસ સુધીમાં વિકલ્પ આપવાનો રહેશે તથા વિકલ્પની સાથે ગુજરાત મુલ્કી સેવા(પેન્શન) નિયમો,૨૦૦૨ના નિયમ-૮૯ હેઠળ નિયત થયેલ ફોર્મ-૧૩માં કુટુંબ અંગેની વિગતો પુરી પાડવાની રહેશે.

નાણા વિભાગના ઉક્ત ઠરાવ પ્રસિદ્ધ થયા બાદ રાજ્ય સરકારની નવી વર્ધિત પેન્શન યોજનામાં જોડાનાર અધિકારી/કર્મચારીએ નવી વર્ધિત પેન્શન યોજનામાં જોડાણ સમયે સદર વિકલ્પ આપવાના રહેશે.જેની સેવાપોથીમાં નોંધ લેવામાં આવશે.

ઉક્ત બાબતે સંબધિત અધિકારી/કર્મચારીઓને નાણા વિભાગના તા.૨૪/૦૯/૨૦૨૨ ના ઠરાવ સાથેના ફોર્મ-A તથા ફોર્મ-૧૩ ની વિગતો અત્રે પૂરી પાડવા આથી જણાવવામાં આવે છે.

( એચ.સી.વ્યાસ )
ઉપ સચિવ(મહેકમ-૧)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાના:-

- અ.મ.સ.શ્રી(ક.ગ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય
- નાયબ સચિવશ્રી(મહેકમ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય
- વિભાગના સર્વે સેકશન અધિકારીશ્રીઓ તરફ (ઉક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા તથા જરૂરી કાર્યવાહી કરવા અર્થે), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય
- સિલેક્ટ ફાઇલ / ના.સે.અ.સિલેક્ટ ફાઇલ